મહાસુખકૃત ૬૬૩૩

ગુજરાતનો ઇતિહાસ.

લખનાર

મહાસુખરામ હરગોવિંદદાસ દાણી.

સુંદરીગુણમંદિર, મહાસુખબોધમાળા, પૃથ્વીનું વર્ણન, મુંબઇની ભુગોળ, મુંબઇ ઇલાકાનું વર્ણન, એશિઆ ખંડની ભુગોળવિદ્યા અને હિંદુસ્તાનનો ઇતિહાસ વગેરે વગેરેના પ્રસિદ્ધ કર્તા.

ચોથી આવૃત્તિ પ્રત ૭૦૦૦મી.

કપડવંજ

મિત્રમંડળ મુદ્રાલયમાં મુદ્રાંકિત કર્યો.

સંવત ૧૯૫૪ સન ૧૮૯૭

(સર્વ હક સ્વાધીન)

કીમત એક આનો.

5533

મહાસુખકૃત

ગુજરાતનો ઇતિહાસ.

ઇતિહાસ—અમુક દેશમાં કયા કયા રાજા થયા, તેઓ ક્યારે ગાદીપર બેઠા, તેમનામાં ગુણ દોષ કયા કયા હતા, તેમણે શાં શાં કામ કર્યાં, તેમના સમયમાં શા શા બનાવ બન્યા તથા રાજા, પ્રજા ને દેશની હાલત કેવી હતી અને પ્રત્યેક રાજા કેટલા વરસ રાજ્ય કરી ક્યારે મરણ પામ્યા તથા તે પછી રાજ્યગાદી કોને મળી તે વગેરેનુ જેનાથી જ્ઞાન મળે તેનું નામ ઇતિહાસ.

ગુજરાતની ઉત્પત્તિ—રૂશિઆની સરહદપર જેર્જિઆ કરીને પ્રાંત છે ત્યાંથી પ્રથમ ગુર્જર લોક પંજાબ અને મારવાડ વગેરે ઠેકાણે આવી વસ્યા. એ પછી તેઓ ત્યાંથી ઇસ્વીસનના સાતમા સેંકડામાં આ પ્રાંતમાં આવી વસ્યા ત્યારથી આ પ્રાંતનું નામ ગુજરાત પડેલું સંભવે છે.

ગુજરાતની સિમા—ઉત્તરમાં મારવાડ તથા મેવાડનો કંઇક મૂલક, કચ્છનું રણ ને શિરોહી; પશ્ચિમમાં કચ્છનો અખાત, રણ ને અરબ્બીસમુદ્ર; દક્ષિણમાં થાણાજીલ્લો ને અરબ્બીસમુદ્ર; પૂર્વમાં માળવા, ખાનદેશ ને સાતપુડા પર્વત છે.

ગુજરાતનો વિસ્તાર—ગુજરાત પ્રાંતની લંબાઇ સુમારે ૩૦૦ મૈલ અને પહોળાઇ ૧૮૦ મૈલ છે. એનું ક્ષેત્રફળ સુમારે ૪૯૧૦૦ મૈલ છે.

ગુજરાતની જુની રાજધાની—દ્વારકાં, વલ્લભીપુર ને પંચાસર એ ગુજરાત દેશનાં મોટામાં મોટાં રજપૂત રાજ્યોની જુનામાં જુની રાજધાનીનાં શહેર હતાં.

દ્વારકાં—ગુજરાતપ્રાંતમાં હાલ પ્રતાપી અંગરેજ સરકારનું રાજ્ય ચાલે છે. એ પહેલાં મરેઠાનું રાજ્ય હતું

અને તેની પહેલાં મુસલમાનનું રાજ્ય હતું અને તે પહેલાં તો જુનામાંજુનું રજપૂતનું રાજ્ય હતું. આ રજપૂતરાજ્યમાં ઇ. સ. પહેલાં ૫૦૦૦ વરસપર યદુવંશી શ્રીકૃષ્ણની રાજ્યધાની **દ્વારકાં** હતી એવું આર્યોના કેટલાક જુના ગ્રંથોપરથી જણાય છે. પણ હાલનું દ્વારકાં શ્રીકૃષ્ણના પુત્રના પુત્ર વજ્રનાભે બાંધેલું કહેવાય છે. હિંદુઓનું ગૂજરાતની પશ્ચિમમાં એ મોટું તીર્થ છે. એમાં દ્વારકાંનાથજીનું મંદિર ગોમતી નદીપર છે. એ નદી પવિત્ર ગણાય છે ને તેમાં ઇશ્વરી ચમત્કારથી શંખ, ચક્ર ને પદ્મ થાયછે.

વલ્લભીપુર—જે ભાવનગરની ઉત્તરમાં વળાગામના પાસે છે તેમાં એ દ્વારકાં પછી રાજ્યધાની સ્થાપી. આ વલ્લભીપુરની ગાદીઓ ઇ. સ. ૧૪૪ થી ૩૪૪ સુધી લગારે ૨૦૦ વરસમાં ૧૮ રાજા થયા. તેમાંના છેલ્લા પાંચ રાજા શીલાદિત્ય નામે થયાછે. છેલ્લો શીલાદિત્ય શિવમાર્ગી હતો તથા બૌદ્ધધર્મ પાળતો હતો. એ જાતે બહુ કંજુસ હતો. એના વખતમાં વલ્લભીપુરનો નાશ થયો કહેવાય છે. વલ્લભીપુરના નાશવિષે એક કારણ તો એવું કહેવાયછે કે, કોઇ સાધુ વલ્લભીપુરમાં ભીખ માગવા ગયો હતો પણ તેને કોઇએ ભીખ આપી નહિ તેથી તેણે એવો શ્રાપ દીધો કે આ શહેર ઉંધું વળજો ને તેનો નાશ થજો. આમ કહેતાંજ વલ્લભીપુરનો નાશ થયો હતો. વળી બીજું સંભવિત કારણ એવું કહેવાયછે કે, મારવાડના પાલી શહેરમાંથી કોઇ કાકુ નામે મોટો વેપારી આવી આ શહેરમાં વસ્યો હતો. તેની છોકરી પાસે રત્નજડીત કાંસકી હતી. તે લેવા એ છેલ્લા શીલાદિત્યની છોકરીએ હઠ લીધી માટે એ વેપારી પાસેથી શીલાદિત્યે તે કાંસકી જોર જુલમથી લઇ લીધી. આથી કાકુ વેપારીએ મ્લેચ્છ લોકોને એક લાખ સોનૈયા (સિક્કા) આપવા કરી શીલાદિત્યપર ચઢાઇ કરાવી. એમાં શીલાદિત્ય માર્યો ગયો ને વલ્લભીપુરનો નાશ થયો.

સન ૬૯૬થી સન ૯૪૨ સુધી ૨૪૬ વરસ ચાલ્યો.

જયશિખરી—વલ્લભીપુર રાજ્યના પડી ભાગ્યા પછી ઝાલાવાડની ઉત્તરે કચ્છના રણને કાંઠે **પંચાસર**માં ચાવડાવંશના રજપૂતોનું રાજ્ય થયું. એ વંશનો પહેલો રાજા **જયશિખરી** ઇ. સ. ૬૯૬માં ત્યાંની ગાદીપર હતો. એ વેળા કનોજ દેશના કલ્યાણી નગરમાં સોલંકીવંશનો મહાબળવાન અને પરાક્રમી **ભૂવડ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેના કાને જયશિખરીની કીર્તિ તથા બળની વાત પડ્યાથી અને **શંકર** નામે કવિને મોંઢેથી ગુજરાત દેશની રસાળ ભૂમિ અને આબાદાનીનાં વખાણ સાંભળ્યાથી એ ભૂવડે ગુજરાત જીતવાને જયશિખરી સામે લશ્કર મોકલ્યું. એ લશ્કરના ઉપરી **મીર**ને ગુજરાતના સેનાધિપતિ **સુરપાળે પ્રથમ** હરાવ્યો. એ પછી ભૂવડ રાજા પંડે ચઢી આવ્યો. તેણે પંચાસરમાં જયશિખરીને ઘેર્યો. એ લડાઇ બાવન દિવસ સુધી ચાલી. તેમાં જયશિખરી અંતે હાર્યો. ને માર્યો ગયો તેથી પંચાસર ભૂવડને હાથ જવાથી તે ગુજરાતનો ધણી થયો સન ૬૯૬. પણ ભૂવડ ગુજરાતમાં ન રહેતાં, તે સોરઠ તથા કચ્છના રાજાને તાબે કરી અને માંડળિક રાજા પાસેથી ખંડણી લેવાનું ઠરાવી તેની વતી અહીંનો કારભાર ચલાવવા સારૂ એક પ્રધાનને મૂકી પોતે સ્વદેશમાં જઇ રહ્યો.

જયશિખરીને ભૂવડની સાથે જ્યારે લડાઇ થઇ ત્યારે જયશિખરીની પટરાણી **રૂપસુંદરી** એ જીવવાળી હતી. માટે જયશિખરીએ લડાઇમાં મરાતા પહેલાં રાણી રૂપસુંદરીને તેના ભાઇ સુરપાળ સાથે વનમાં મોકલી દીધી હતી. જ્યારે સુરપાળ રૂપસુંદરીને વનમાં ધાસ્તી વગરની જગાએ મૂકી પાછો ફર્યો, ત્યારે માર્ગમાં જયશિખરી મરાયાની વાત સાંભળ્યાથી તે ગિરનારના પહાડમાં ભરાઇ રહી રૂપ-

સુંદરીને કુંવર અવતર્યાની વાટ જોતો હતો. રૂપસુંદરીનું એ વનમાં એક ભીલડીએ સારૂં રક્ષણ કર્યું હતું. એ રાણી વનમાં ફળફળાદિ ખાઇ દહાડા કાઢતી હતી.

વનરાજ ચાવડો—જયશિખરીની પટરાણી રૂપસુંદરી જે એ જીવવાળી હતી તેણે વનમાં પૂરે દહાડે સંવત ૭૫૨ ના વૈશાખ સુદ પૂનમે પ્રતાપી રાજકુંવરને જન્મ આપ્યો. એ કુંવર જ્યારે ૭ માસનો થયો ત્યારે **શીલગુણસુરી** નામે એક ગોરજી ત્યાં આવ્યો, તેણે એ કુંવરનું રૂપ જોઇ રાણી રૂપસુંદરી અને એ કુંવરને પોતાને અપાસરે લઇ જઇ ત્યાં તેને ઉછેરી મોટો કર્યો. એ કુંવરનો જન્મ વનમાં થયો માટે એ શીલગુણસુરીએ તેનું નામ **વનરાજ** પાડ્યું. એ વનરાજ જ્યારે ચૌદ વરસનો સમજણો અને વનવગડાનાં દુઃખ ખમી શકે એવો થયો ત્યારે તેનો મામો સુરપાળ તેને બહારવટે તેડી જવા લાગ્યો. અત્યારથીજ કેટલીક નાની લડાઇઓમાં વનરાજનું શૂરાતન અને ચતુરાઇ જણાવવા લાગ્યાં. આગળ જતાં એક વેળા કલ્યાણીના રાજાનાં માણસ ગુજરાતની ઉપજ તથા ઘોડા વગેરે લઇને જતાં હતાં તેમનાપર વનરાજે હુમલો કરી તે સઘળું લૂટી લઇ પોતાના બાપનું વેર વાળ્યું. વળી તે લૂટી લીધેલા ધનની મદદવડે સન ૭૪૬માં એટલે સંવત ૮૦૨ના મહા વદ ૭ શનીવારે સરસ્વતીને કિનારે **અણહિલવાડ** નગર વસાવી ત્યાં ચાવડાવંશની રાજ્યગાદી સ્થાપી, એ દિવસે પોતે ૫૦ વરસની વયે ગાદીપર બેઠો.

વનરાજ જેવો જોરાવર, બહાદુર અને પ્રતાપી રાજા હતો તેવોજ તે ઘણો કૃતજ્ઞી અને સદ્ગુણી પણ હતો. એને કોઇ **અણહિલ** નામના ભરવાડે વનવગડામાં સંતાવાની જગાઓ તથા જવા આવવાના છુપા રસ્તા બતાવેલા, માટે તેના નામપરથી તેણે અણહિલપુરપાટણ કે જેને હાલ **સિદ્ધપુરપાટણ** કહેછે તે વસાવી તેના ઉપકારનો બદલો વાળ્યો હતો. **શ્રીદેવી** નામની કોઇ બાઇએ તેની સા-

રી બરદાસ કરી હતી, માટે વનરાજે ગાદીએ બેસતી વેળાએ તેને હાથે તીલક કરાવી તેને પણ યોગ્ય બદલો આપ્યો હતો. વનરાજના વનવાસ સમયે **ચાંપા** નામે કોઈ વાણીઓ પોતાનો મિત્ર હતો તેને તો પોતાનો પ્રધાનજ બનાવ્યો. એ ચાંપાએ રેવાકાંઠામાં હાલોલ પાસે **ચાંપાનેર** શહેર વસાવ્યું છે જે હાલ ભાગી ગયું છે. વનરાજ સન ૭૪૬ માં ગાદીએ બેઠો તે ૬૦ વરસ રાજ્ય કરી ઇ. સ. ૮૦૬ માં ૧૧૦ વરસની મોટી ઉમ્મરે મરણ પામ્યો.

યોગરાજ—વનરાજ પછી તેનો છોકરો **યોગરાજ** સન ૮૦૬ માં ગાદીએ બેઠો. તે વિદ્વાન હોવાથી તેણે એક પુસ્તક લખ્યું હતું. તીર મારવાનું કામ પણ સારૂં જાણતો હતો. તે ડાહ્યો, શૂરો તેમજ પોતાના બાપના જેવો સદ્‌ગુણી ને પ્રતાપી હતો. તેણે તેના બાપના કરતાં ઉપજ વધારી લોકોને પણ સુખી કર્યા હતા. એના વખતમાં એના છોકરા **ખેમરાજે** પોતાના બાપની મનાઇ છતાં સોમનાથ બંદરે વેપારીનાં વહાણ લૂટયાં તેથી યોગરાજે તેને સખ્ત ઠપકો દીધો એવો તે નીતિમાન હતો.

ખેમરાજ—યોગરાજ પછી તેનો છોકરો **ખેમરાજ** સન ૮૪૨ માં ગાદીએ બેઠો. તે સ્વભાવે બહુ મીજાજી હતો. તેણે રાજ્યના વિસ્તાર તથા દેશની હાલતમાં સારો વધારો કર્યો હતો.

ખેમરાજના મરણ પછી તેનો છોકરો **ભૂવડ** અને ભૂવડ પછી તેનો છોકરો **વિરસિંહ** અથવા વિજયસિંગ ગાદીપર બેઠો હતો. આ બે રાજાના વારામાં કંઇ બનાવ બન્યા નથી.

રત્નાદિત્ય—વિરસિંહ પછી તેનો છોકરો **રત્નાદિત્ય** સન ૯૨૦ માં ગાદીએ બેઠો. તે એકવચની, સાચો, શૂરો ને બળીઓ હતો. ચોર, લુચ્ચાં અને દગલબાજ લોકો તેનાથી બહુ બીતા હતા. એના વારામાં પ્રજા સુખી હતી

સામતસિંહ—રત્નાદિત્ય પછી તેનો છોકરો **સામતસિંહ** સન ૯૩૫માં ગાદીએ બેઠો. ચાવડાવંશના આઠ રાજાઓમાં આ છેલ્લો રાજા ઘણો નબળો ને દુર્ગુણી હતો. એના બોલવાપર કોઇને ભરોસો પડતો નહિ. એને કંઇ છોકરૂં ન હોતું માટે સામતસિંહની બેન **લીલાદેવી** જે કનોજના રાજા ભુવનાદિત્યના **રાજ** નામે કુંવર વેરે પરણાવી હતી, તેને **મૂળરાજ** નામે છોકરો થયો હતો; તેને એક સમયે સામતસિંહે દારૂની કેફમાં ખોળે લીધો, પણ શુદ્ધિમાં આવતાં તે વાત કબૂલ નહિ રાખ્યાથી, મૂળરાજે પોતાના એ મામાપર હુમલો કરી તેને મારી નાખી તથા પોતાના મોસાળ પક્ષના સર્વ દાવાદારના પણ પ્રાણ લઇ સન ૯૪૨ માં ગાદી લીધી. આથી ચાવડાવંશની સમાપ્તિ થઇ એ રાજ્ય સોલંકીવંશના હાથમાં ગયું.

સાર—ચાવડાવંશે ગૂજરાતમાં રજપૂત રાજ્યનો મજબૂત પાયો નાખ્યો. આ વંશમાં વનરાજ, યોગરાજ અને ખેમરાજ એ મહાબળવાન તથા પરાક્રમી રાજાઓ થયા. તેમણે આ રાજ્યના વધારાની સાથે દેશને પણ આબાદ તથા સુખી કરવા બનતો યત્ન કર્યોછે. રત્નાદિત્ય જેમ સદ્ગુણી તેમ સામતસિંહ દુર્ગુણી અને નબળો રાજા હતો. માટે ચાવડાવંશના છેલ્લા રાજા સામતસિંહની ગાદી સોલંકીવંશના રાજાઓના હાથમાં ગઇ.

રાજાનાં નામ.	ક્યાંથી ક્યાં સુધી રાજ્ય કર્યું.	કેટલાં વરસ.
જયશિખરી.	૬૯૬ માં ગાદીપર હતો.	ખબર નથી.
વનરાજ.	૭૪૬ થી ૮૦૬	૬૦ વરસ.
યોગરાજ.	૮૦૬ થી ૮૪૨	૩૬ વરસ.
ખેમરાજ.	૮૪૨ થી ૮૬૬	૨૪ વરસ.
ભુવડ.	૮૬૬ થી ૮૯૫	૨૯ વરસ.
વિરસિંહ.	૮૯૫ થી ૯૨૦	૨૫ વરસ.
રત્નાદિત્ય.	૯૨૦ થી ૯૩૫	૧૫ વરસ.
સામતસિંહ.	૯૩૫ થી ૯૪૨	૭ વરસ.

સોલંકીવંશ.

સન ૯૪૨થી સન ૧૨૪૪ સુધી ૩૦૨ વરસ ચાલ્યો.

મૂળરાજ—સોલંકીવંશનો આ મૂળરાજ, તે જયશિખરીની સામે લડનાર કલ્યાણીના રાજા ભૂવડની ચોથી પેઢીએ થયલા ભૂવનાદિત્યના છોકરા રાજનો છોકરો થાય. એ રાજાનો જન્મ મૂળનક્ષત્રમાં થવાથી તેનું નામ મૂળરાજ પાડયું હતું. એના વખતમાં (૧) અજમેર તથા તૈલંગણના રાજાની સ્વારી, (૨) ગ્રહરિપુ સાથે લડાઇ, (૩) લાટ દેશપર ચઢાઇ, (૪) રૂદ્રમાળાની સ્થાપના એ ચાર મુખ્ય બનાવ બન્યા હતા. મૂળરાજ જ્યારે સન ૯૪૨માં પોતાના મામાનું રાજ્ય પચાવી ગૂજરાતની ગાદીપર બેઠો ત્યારે **અજમેર** તથા **તૈલંગણના** રાજાઓ ગૂજરાતપર ચઢી આવ્યા હતા. એને સાથે પહોંચી વળાય નહિ માટે સમય સાવધ મૂળરાજે અજમેરના રાજાને તો ધન આપી પાછો વાળ્યો, પણ દક્ષિણના તૈલંગણના રાજાના સરદાર **બાર્પને** તો લડાઇમાં હરાવ્યો સન ૯૪૨. એ પછી બે વરસે મૂળરાજે સોમનાથની જાત્રાએ જતા લોકોને લૂટનાર સોરઠના રાજા **ગ્રહરિપુ** પર ચઢાઇ કરી તેને પણ સન ૯૪૪ માં હરાવી પોતાની આણ મનાવી એટલુંજ નહિ, પણ તેની મદદે આવેલા **માંડળિક** રાજાનો પરાજય કરી કચ્છના રાજા **લાખાને** માર્યો. એ પછી મૂળરાજે મહી તથા નર્મદા નદી વચ્ચેનો લાટ દેશ જીતી લીધો હતો. મૂળરાજે શિવાલયો બંધાવ્યા ઉપરાંત સિદ્ધપુરમાં **રૂદ્રમાળનું** મોટું દેરૂં બંધાવી **ઐાદિચ્ય** બ્રાહ્મણોને ઉત્તરમાંથી તેડાવી ગૂજરાતમાં વસાવ્યા. એ બ્રાહ્મણોને મૂળરાજે મોસાળીઆંની હત્યાના પાપથી છૂટવા ઘણાં દાન આપ્યાં હતાં. મૂળરાજ જેમ બુદ્ધિમાન તથા પરાક્રમી હતો તેમ લોભી અને દુષ્ટ પણ હતો. મૂળરાજ ૫૫ વરસ રાજ્ય કરી સન ૯૯૭ માં ગાદી છોડી પોતે યાત્રા કરવા ગયો.

ચામુંડ—મૂળરાજ પછી તેનો છોકરો **ચામુંડ** સન ૯૯૭ માં ગાદીપર બેઠો. તેને **વલ્લભસેન, દુર્લભસેન** અને **નાગરાજ** નામે ત્રણ કુંવર હતા. એ સન ૧૦૧૦માં પોતાના છોકરા વલ્લભસેનને ગાદી સોંપી પોતે કાશી જઇ રહ્યો.

વલ્લભસેન—ચામુંડ પછી તેનો પાટવી કુંવર **વલ્લભસેન** સન ૧૦૧૦માં ગાદીપર બેઠો. વલ્લભસેન માત્ર થોડા મહિના રાજ્ય ચલાવી ગોશીતળાના રોગથી મરણ પામ્યો. એ રાજા ઘણો દયાળુ તથા સત્યવાદી હતો.

દુર્લભસેન—વલ્લભસેન મરણ પામ્યાથી ચામુંડે તેના બીજા છોકરા **દુર્લભસેન**ને સન ૧૦૧૦ માં ગાદીપર બેસાડ્યો હતો. એ તથા તેનો નાનો ભાઈ **નાગરાજ** એક મારવાડના મહેંદ્રરાજાની બહેનો વેરે પરણ્યા હતા. તેમજ પોતાની બહેનને મહેંદ્રરાજા જોડે પરણાવી હતી. દુર્લભસેને સારી રીતે રાજ્ય ચલાવી દેશની આબાદાની વધારી હતી. તેણે દેરાં વગેરે બંધાવી ધર્મનાં સારાં કામ કર્યાં હતાં.

ભીમદેવ—દુર્લભસેન પછી ચામુંડના ત્રીજા પુત્ર નાગરાજનો છોકરો **ભીમદેવ** સન ૧૦૨૨માં ગાદીપર બેઠો. એના વારામાં (૧) મહમદની સોમનાથપર ચઢાઇ, (૨) ભીમદેવની સિંધપર ચઢાઇ, (૩) ભીમદેવની ભોજ સાથે લડાઇ, (૪) વિશળદેવની ચઢાઇ એ ચાર મુખ્ય બનાવ બન્યા હતા. ગીઝનીના સુલતાન **મહમદે** સન ૧૦૨૪ માં ત્રીસહજાર સવાર સહિત ગૂજરાતપર ચઢાઇ કરી હતી. આ વખતે ભીમદેવે બહુ બહાદુરીથી તેની સામે ત્રણ દિવસ સુધી લડી ત્રણ હજાર મુસલમાનોનો ઘાણ કાઢ્યો, પણ અંતે તે હાર્યો, માટે કચ્છ તરફ નાસીને પોતાના **કંથકોટ**ના કિલ્લામાં ભરાયો. પછી એ મહમદ પ્રભાસપાટણમાં **સોમનાથ**નું પ્રખ્યાત દેરૂં લૂંટી ઘણું ધન તથા જવાહીર લઇ ગયો. વળી શિવલિંગના પણ ચાર કટકા કરી એક

મક્કે, બીજો મદીને અને બાકીના બે ગીઝની મોકલી ત્યાંની જુમામસીદમાં ચણાવ્યા. મહમદ ભીમદેવને મારવા કંથકોટ ગયો પણ ભીમદેવ ત્યાંથી નીકળી નાસી ગયો. એ પછી મહમદ ગુજરાતમાં કોઇ નવો રાજા ઠરાવી પોતાને દેશ જવા નીકળ્યો. પણ અજમેરનો જાણીતો રસ્તો ત્યાંનો રાજા વિશળદેવ મોટા સૈન્ય સહિત રોકી બેઠો હતો, માટે મહમદને સિંધના રણના અજાણ્યા રસ્તે ગીઝની જતાં તેનાં હજારો માણસ ખોરાક ને પાણી વિના તરફડી મરણ પામ્યાં. એ પ્રમાણે મહમદના સ્વદેશ જવા પછી ભીમદેવે પાછા આવી પોતાનું રાજ્ય સંભાળ્યું.

ભીમદેવે પ્રથમમાં સિંધપર ચઢાઇ કરી ત્યાંના રાજા હુમુકને હરાવી જય મેળવ્યો. સિંધની સ્વારીમાં ભીમદેવને રોકાયાનો લાભ લઇ માળવાના પ્રખ્યાત **ભોજ** રાજાના સરદાર **કુળચંદ્રે** અણહિલવાડ લૂટી લીધું હતું. તેમજ ભોજરાજાને દેવેની પૂજા કરવા જતાં રસ્તામાં ભીમદેવના માણસોએ હરકત કર્યાથી તે બેઉની વચ્ચે અણબનાવ થયો હતો. વળી કાશીના રાજા **કરણની** આણ ઘણા રાજાપર ચાલતી હતી. માટે વિદ્યાને ઉત્તેજન આપનાર ભોજ રાજાની બહુ કીર્તિ સાંભળી તેને અદેખાઇ આવી તેથી આ કાશીના રાજા સાથે ભીમદેવે મળી જઇ ભોજરાજા જોડે લડાઇ કરી. પણ એ લડાઇ ચાલતી હતી તેવામાં ભોજ રાજા મરણ પામ્યાથી કાશીના રાજા કરણે ભોજની રાજધાની **ધારાનગરીનો** ભંડાર લૂટી લીધો. આ લૂટમાંથી કરણે ભીમદેવને કંઇ ભાગ આપ્યો નહિ, પણ હવેથી માળવાની ઉપજ માત્ર ભીમદેવે લેવાનો ઠરાવ કર્યાથી બંને વચ્ચે સલાહ સંપ રહ્યાં. એ પછી મુસલમાનોએ ભરતખંડનો જે મૂલક જીતી લીધો હતો તે પાછો લેવા સારૂ અજમેરના ચોહાણ રાજા વિશળદેવની આગેવાની નીચે બીજા રજપૂત રાજાઓએ મુસલમાની રાજ્યોપર ચઢાઇ કરી હતી તેમાં ભીમદેવ ભળ્યો નહોતો. માટે વિશળદેવે તેનાપર સન

૧૦૨૬માં ચઢાઇ કરી ત્યારે ભીમદેવ સામે થયો, પણ અંતે નહિ ફાવ્યાથી તેના પ્રધાને વિશળદેવને ધન આપી તથા યુદ્ધને ઠેકાણે તેના નામપરથી વિશનગર વસાવવાનું વચન આપી તેને પાછો કાઢયો હતો.

આ ભીમદેવના વખતમાં **વિમળશા** બહુ પૈસાદાર શ્રાવક હતો, તેણે આબુ તથા આરાસુર પર્વતપર ઘણાં મોટાં ને સુંદર દેરાં બંધાવ્યાં છે. તીર મારવામાં હોંશીઆર હોવાથી એ ભીમ બાણાવળી કહેવાય છે. એ ચતુર તથા શૂરો હતો અને વિદ્વાનોને સારૂં ઉત્તેજન આપતો હતો. તેને **ખેમરાજ**, **કરણ** ને **મૂળરાજ** નામે ત્રણ કુંવર હતા. ભીમદેવ ઘડપણમાં ઇશ્વરસ્મરણ કરવાની ઇચ્છાથી કરણને રાજ્ય સોંપી પોતે પોતાના દીકરા ખેમરાજ સહિત તીર્થમાં જઇ રહ્યો. ભીમદેવે ૫૦ વરસ રાજ્ય કરી સન ૧૦૭૨ માં ગાદી છોડી હતી.

કરણ—ભીમદેવ પછી તેનો બીજો પુત્ર કરણ સન ૧૦૭૨માં ગાદીપર બેઠો. એની માનું નામ ઉદયામતિ હતું. એ કરણ દક્ષિણના ચંદ્રાવતી નગરના રાજા રાજકેશીની છોકરી **મીનળદેવી** વેરે પરણ્યો હતો. એ રાજાએ ધંધુકા તથા મહેવાસ વગેરેના કોળી રાજાઓને વશ કર્યા હતા. તેણે પાટણથી થોડા મૈલપર બોઢેરા ગામ છે ત્યાં **કરણસાગર** નામે તળાવ બંધાવ્યું છે. વળી **કરણાવતી** શહેર પણ વસાવ્યું હતું.

સિદ્ધરાજ—કરણ પછી એનો છોકરો **સિદ્ધરાજ જયસિંહ** સન ૧૦૯૪માં ગાદીએ બેઠો. પણ કરણ જ્યારે ગુજરી ગયો ત્યારે સિદ્ધરાજ માત્ર ૧૧ વરસની નાની ઉમ્મરનો હોવાથી તે મોટો થયો ત્યાં સુધી રાજ્ય સિદ્ધરાજની મા **મીનળદેવી** ચલાવતી હતી. મીનળદેવી પોતાનું રાજ્ય **સામત** નામના પ્રધાનને સોંપી સિદ્ધરાજને સાથે લઇ નર્મદા ભણી ગઇ હતી ત્યારે માળવાના રાજા **યસોવર્માએ** પાટણપર ચઢાઇ કરી હતી. એ વખતે પ્રધાને તે-

ને ધન આપી પાછો કાઢયો તે બાબતથી સિદ્ધરાજ નાનો છતાં બહુ ગુસ્સે થયો એટલુંજ નહિ, પણ તેણે **માળવા** લેવાનો ઠરાવ કર્યો. આવા ઠરાવ પછી સિદ્ધરાજે યશોવર્મા સાથે ચાર વરસ સુધી લડાઇ કરી આખરે તેને સન ૧૧૧૨ માં કેદ કરી **ધારાનગર** જીતી લીધું. મીનળદેવીએ વીરમગામમાં **મુનસર** અને ધોળકામાં **મલાવ** નામે સરોવર સરખાં બે તળાવ બંધાવ્યાં છે. સિદ્ધરાજનો વિવાહ કોઇ કુંભારને ત્યાં ઉછરેલી **રાણકદેવી** સાથે થયો હતો. એ રાણકદેવી બહુ રૂપાળી તથા ચતુર હતી તેથી સોરઠનો રાજા **રાખેંગાર** તેને જુલમથી લઇ જઇ પરણ્યો. સિદ્ધરાજે પોતાની એ કન્યા પાછી લેવાસારૂ સોરઠના તે રાજાપર ચઢાઇ કરી. તેમાં રાખેંગારને સન ૧૧૨૫માં મારી સિદ્ધરાજે રાણકદેવીને પાછી આણી, પણ તે વિધવા સિદ્ધરાજ સાથે ફરી નહિ પરણતાં વઢવાણમાં સતી થઇ. ત્યાં તેની દેરી હાલ પણ છે. સિદ્ધરાજે સોરઠ તથા કચ્છ વગેરે જીતી રાજ્યમાં વધારો કર્યો હતો. આબુની પેલીપાર તેની સત્તા ચાલતી, માળવામાં તો તેની આણ ફરતી. દક્ષિણમાં પણ તેનો અમલ હતો. એના વખતમાં **હેમચંદ્ર** નામે પંડિતે **હેમવ્યાકરણ** અને **હેમકોશ** જેવાં ઉપયોગી પુસ્તકો લખ્યાં છે. સિદ્ધરાજ પણ મહાવિદ્વાન અને પ્રતાપી રાજા હતો. તે વિદ્યા અને કળાકૌશલ્યને બહુ ઉત્તેજન આપતો હતો. તેણે સિદ્ધપુરમાં મૂળરાજનો અધુરો મૂકેલો **રૂદ્રમાળા** પૂરો કરાવ્યો તથા પાટણમાં **સહસ્રલિંગ** તળાવ અને કપડવણજ શહેર વચ્ચે **કુંડ, વાવ** અને **કૂવો** બંધાવેલાં છે. એ મહારાજા પ્રજાને સુખ થાય તેમ ૪૯ વરસ રાજ્ય ચલાવી સન ૧૧૪૩માં અપુત્ર મરણ પામ્યો.

કુમારપાળ—સિદ્ધરાજના મરણ પછી તેની ગાદીએ તેનો પિત્રાઇ **કુમારપાળ** સન ૧૧૪૩ માં બેઠો. એ કુમારપાળ સિદ્ધરાજના ઓરમાન કાકા ખેમરાજના છોકરાનો છોકરો અને તેનો પણ છોકરો થાય. આ કુમારપા-

ળને ગાદીએ બેસાડવાની મરજી સિદ્ધરાજની નહોતી, પણ **ઉદાયનમંત્રી** તથા પોતાના ગુરૂ **હેમાચાર્ય** અને સિદ્ધરાજના સેનાપતિ **કહાનદેવની** મદદવડે કુમારપાળને ગાદી મળી હતી. કુમારપાળ પચાસ વરસની ઉમ્મરે ગાદીપર બેઠો ત્યારે પોતાના મિત્ર ઉદાયનમંત્રીના છોકરા **વાઘભટને** પ્રધાન બનાવ્યો હતો. કુમારપાળ ગાદીએ બેઠો ત્યારે તેનાપર નાગોરના **આન્ન** રાજાએ ચઢાઇ કરી હતી. પણ કુમારપાળે આબુના વિક્રમસિંહ તથા કચ્છના રાજાની મદદવડે સન ૧૧૫૪માં તેનો પરાજય કર્યો હતો. એ પછી નાગોરના રાજાએ પોતાની કુંવરી **જલનાને** કુમારપાળ વેરે પરણાવી સલાહ કરી હતી. ત્યાર પછી કુમારપાળે માળવાના રાજાનો પરાજય કર્યો. વળી તેના સરદાર **આમ્રભટ** પણ કોકણના રાજા મલ્લીકાર્જુનને સન ૧૧૭૦માં મારી તથા તેની રાજધાની લૂટી ઘણું ધન લાવ્યો હતો. કુમારપાળ શ્રાવકનો ધર્મ પાળતો હતો તેથી તેણે ઘણાં દેરાં બંધાવ્યાં હતાં. તે મહા પ્રતાપી રાજા હતો. તેણે જૈન પુસ્તકોનો ભંડાર ભરી રાખ્યો હતો. વળી તે વિદ્વાનોનો પણ આશ્રયદાતા હતો. કુમારપાળને એના ભાઇ મહીપાળના છોકરા **અજેપાળે** ઝેર દઇ સન ૧૧૭૪માં ૮૦ વરસની ઉમ્મરે મારી નાખ્યો હતો. કેટલાક કહેછે કે તે રગતપીતના દરદથી અપુત્ર મરણ પામ્યો હતો.

અજેપાળ—કુમારપાળના મરણ પછી તેની ગાદી તેના ભાઇ મહીપાળના છોકરા **અજેપાળને** સન ૧૧૭૪માં મળી. એ રાજા શિવધર્મી હોવાથી તેણે જૈન લોકોનાં ઘણાંખરાં દેરાં તોડી પડાવ્યાં હતાં. વળી તેણે પોતાના પ્રધાન કપરદી તથા કુમારપાળના સરદાર આમ્રભટ અને હેમાચાર્યના શિષ્ય રામચંદ્રને, તેઓ જૈનધર્મી હોવાના દોષથી મારી નાખ્યા એવો તે નિર્દય તથા દુષ્ટ હતો. અજેપાળનું પણ સન ૧૧૭૭માં એવી નિર્દય રીતેજ કોઇ પાળીઆએ તેની છાતીમાં કટાર ઘોંક્યાથી મોત થયું હતું.

બાળમૂળરાજ—અજેપાળના મરણ પછી તેની ગાદી એના છોકરા **બાળમૂળરાજ**ને સન ૧૧૭૭માં મળી હતી. એ બાળક હોવાથી તેને બાળમૂળરાજ કહેતા. એ છેક નાની ઉમ્મરનો હોવાથી રાજ્યકારભાર તેની મા **નાયકીદેવી** ચલાવતી હતી. એના વારામાં **સાહાબુદ્દીન ગોરી** નામે મુસલમાન પાદશાહ સન ૧૧૭૮માં ગૂજરાતપર ચઢી આવ્યો હતો. પણ બાળમૂળરાજના કાકા **ભોળાભીમદેવે** તેનો એ-જ વરસમાં પરાજય કર્યો હતો.

ભોળોભીમદેવ—બાળમૂળરાજ અપુત્ર મરણ પામ્યાથી તેની ગાદીએ સન ૧૧૭૯માં તેનો કાકો **ભોળો-ભીમદેવ** બેઠો. એના વારામાં માળવાનો રાજા **સહ-દેવ** ગૂજરાત લૂટવા સારૂ આવ્યો હતો, પણ તેમાં તેનું કાંઇ વળ્યું નહિ. આબુના રાજા **જેતસીપરમાર**ની ઇ-છન નામે કુંવરી, કે જેનો વિવાહ પ્રથમથી અજમેરના ચોહાણવંશના રાજા **સોમેશ્વર**ના શૂરા પુત્ર પૃથુરાજની સાથે થયલો હતો, તે કન્યા ભોળાભીમને જોઇતી હતી તે સારૂ તેણે આબુના રાજાપર સ્વારી કરી તેને હરાવ્યો અને સોમેશ્વરને સન ૧૧૯૨માં મારી જય મેળવ્યો. પણ બાપનું વેર લેવા **પૃથુરાજે** ગૂજરાતપર સ્વારી કરી. આથી સન ૧૧૯૩માં પૃથુરાજ અને ભીમદેવ વચ્ચે મોટું યુદ્ધ થયું તેમાં ભોળો ભીમદેવ હાર્યો. રજપૂતોના આવા કુસંપનો લાભ લઇ સન ૧૧૯૪માં મહમદ શાહાબુદ્દીન ગોરીનો સરદાર **કુતબુદ્દીન** ગૂજરાતપર ચઢી આવ્યો. તે સઘળું લૂટી તથા ભોળાભીમને હરાવી અને ૫૦૦૦૦ હિંદુઓને મારી પાટણમાં એક સરદારને લસ્કર સહિત રાખી પોતે દિલ્હી જતો રહ્યો, પણ તે સરદાર તેમજ લસ્કર અહીં ઘણો વખત નહિ રહ્યાથી પાછું ગૂજરાતનું રાજ્ય ભીમદેવના હાથમાં આવ્યું. આ ભીમદેવે વાઘેલાવંશના

લવણપ્રસાદને પોતાનો પ્રધાન ઠરાવ્યો હતો. ભીમદેવ જેમ ચઢાઉ તેમજ અધિકારી હતો.

ત્રિભુવનપાળ—ભોળાભીમદેવની ગાદીપર સોલંકીવંશનો છેલ્લો રાજા **ત્રિભુવનપાળ** સન ૧૨૪૨માં બેઠો, આ વખતે સોલંકીવંશનો રાજા બહુ નબળો પડી ગયો હતો. તેથી તેને બે વરસમાંજ વાઘેલાવંશના **વિશળદેવે** ઉઠાડી મૂકયાથી સોલંકીવંશની સમાપ્તિ થઇ ગૂજરાતપર વાઘેલા વંશનો અમલ બેઠો.

સાર—સોલંકીવંશના પરાક્રમી અને બુદ્ધિશાળી રાજા **મૂળરાજ, સિદ્ધરાજ, ભીમદેવ** અને **કુમારપાળે** રાજ્યને મજબૂત કરી તથા તેમાં સુધારો વધારો કરી રજપૂત રાજ્યનો મહિમા વધાર્યો એટલુંજ નહિ, પણ પોતાના રાજ્યથી ગૂજરાતને ભરતખંડમાં પ્રખ્યાત કરી એ રાજાઓએ મહારાજાધિરાજની પદવી ધારણ કરી હતી. વળી તેઓએ દાનધર્મનાં એટલાં તો કામ કર્યાં છે કે આજે પણ તેમની કીર્તિ ગવાય છે.

મૂળરાજ.	૯૪૨ થી ૯૯૭	૫૫ વરસ.
ચામુંડ.	૯૯૭ થી ૧૦૧૦	૧૩ વરસ.
વલ્લભસેન,	૧૦૧૦ થી ૧૦૧૦	થોડા મહિના.
દુર્લભસેન,	૧૦૧૦ થી ૧૦૨૨	૧૨ વરસ.
ભીમદેવ,	૧૦૨૨ થી ૧૦૭૨	૫૦ વરસ.
કરણ,	૧૦૭૨ થી ૧૦૯૪	૨૨ વરસ.
સિદ્ધરાજ.	૧૦૯૪ થી ૧૧૪૩	૪૯ વરસ.
કુમારપાળ,	૧૧૪૩ થી ૧૧૭૪	૩૧ વરસ.
અજેપાળ,	૧૧૭૪ થી ૧૧૭૭	૩ વરસ.
બાળમૂળરાજ.	૧૧૭૭ થી ૧૧૭૯	૨ વરસ.
ભોળાભીમદેવ,	૧૧૭૯ થી ૧૨૪૨	૬૩ વરસ.
ત્રિભુવનપાળ.	૧૨૪૨ થી ૧૨૪૪	૨ વરસ.

સન ૧૨૪૪થી સન ૧૩૦૪,સુધી ૬૦ વરસ ચાલ્યો.

લવણુપ્રસાદ—સોલંકીવંશના અગીઆરમા રાજા ભોળાભીમનો પ્રધાન **લવણુપ્રસાદ વાઘેલા** ગામનો હતો. માટે એના વંશજો **વાઘેલા** કહેવાયછે. એ લવણુપ્રસાદને પાછળથી **ભોળાભીમદેવ** સાથે અણબનાવ થયો. તેથી કેટલીક વાર બંડ કરી તે ભોળાભીમના મુલક પચાવી પડી પોતે ત્યાંનો રાજા થઇ બેઠો. લવણપ્રસાદે **સાબરમતી** તથા **નર્મદા**ની વચ્ચેનો મુલક તથા **ધોળકા** ને **ધંધુકા** પરગણાં જીતી લઇ **ધોળકામાં** પોતાની રાજધાની રાખી હતી.

વીરધવળ—લવણુપ્રસાદ પછી તેની ગાદીએ તેનો છોકરો **વીરધવળ** બેઠો. એની માનું નામ **મદનરાગણી** હતું. વીરધવળે પરાક્રમથી **ખંભાત** તથા **ગોધરા** વગેરે જીતી બાપનું રાજ્ય વધાર્યું હતું. એને **વિરમદેવ** તથા **વિશળદેવ** નામે છોકરા તથા **તેજપાળ** અને **વસ્તુપાલ** કરીને બે જોરાવર શ્રાવક ભાઇ પ્રધાન હતા. વડા કુંવર વિરમદેવને બાપની સાથે બનાવ નહિ હોવાથી રાજાના મરણ પછી ગાદી તેના બીજા પુત્ર વિશળદેવને મળી.

વિશળદેવ—વીરધવળના મરણ પછી તેનો છોકરો **વિશળદેવ** સન ૧૨૪૪માં ધોળકાની ગાદીપર બેઠો. એ વરસમાં તેણે ગુજરાતની રાજધાની **પાટણ**પર ચઢાઇ કરી સોલંકીવંશના છેલ્લા નબળા રાજા **ત્રિભૂવનપાળ**ને હરાવી તેનું રાજ્ય જીતી લીધું. આથી વિશળદેવ એ વાઘેલાવંશનો પહેલો રાજા ગણાય છે. તેનાં લગ્ન કર્ણાટકના રાજાની કુંવરી વેરે સ્વયંવરથી થયાં હતાં. આ વિશળદેવે **વીશનગર** તથા **વીજાપુર** શહેરો વસાવ્યાં

હતાં તથા ડભોઇનો કિલ્લો પણ તેનો બંધાવેલો કહેવાય છે. એના વખતમાં ભારે દુકાળ પડયો હતો તેમાં તેણે પ્રજાનું સારૂં રક્ષણ કર્યું હતું. એ બહુ હોંશીઆર રાજા હતો.

વિશળદેવપછી **અરજુનદેવ** તેપછી **સારંગદેવ** ગાદીપર બેઠા. પણ તેમના વખતમાં કાંઇ બનાવ બન્યા નથી.

કરણઘેલો—સારંગદેવ પછી વાઘેલાવંશનો છેલ્લો રાજા **કરણઘેલો** સન ૧૨૭૯માં ગુજરાતની ગાદીપર બેઠો. એને **માધવ** તથા **કેશવ** નામે બે નાગર પ્રધાન હતા. તેમાંના એક પ્રધાન માધવની સ્ત્રી બહુ રૂપાળી હતી તેને કરણ રાજાએ જોરાવરીથી લઇ લીધી એટલુંજ નહિ પણ તેના બીજા પ્રધાન કેશવનો પણ જીવ લીધો. આ વખતે દિલ્લીના તખ્તપર **અલ્લાઉદ્દીન** ખીલજી રાજ્ય કરતો હતો. તેને માધવે ભેટ વગેરે કંઇ આપી સમજાવ્યાથી અલ્લાઉદ્દીને પોતાના ભાઈ **અલીફખાન** તથા મુખ્ય વજીર **નશરતખાન**ને મોટી ફોજ આપી સન ૧૨૯૭માં ગુજરાત જીતવા સારૂ મોકલ્યા હતા. તેઓને ભારે લડાઈ થઇ તેમાં કરણ રાજા બહાદુરીથી લડયા છતાં હાર્યાથી દક્ષિણ બાગલાણનાં પહાડી પ્રાંતમાં ભરાયો. તેથી ગુજરાતનું રજપૂત રાજ્ય, અને પરધર્મી અને પરદેશી મુસલમાનના હાથમાં સન ૧૨૯૭માં ગયું. એ પછી મુસલમાની લશ્કરે ગામ, ઘર અને ખેતર ઉજડ કર્યાં. દેરાં લૂટી તથા તોડી અને લોકોને મહા મહા હેરાન કરવા ઉપરાંત બિચારા કરણ રાજાની રાણીઓને પકડી દિલ્લી મોકલી. એ રાણીઓમાં એક **કમળાદેવી** નામે રાણી ઘણી રૂપાળી તથા બુદ્ધિમાન હોવાથી બાદશાહે તેને પોતાની બેગમ કરી રાખી હતી. એ કમળાદેવીને કનકદેવી તથા દેવળદેવી એવી બે છોકરી હતી.

તેપર તેની માનો બહુ પ્રેમ હતો. એ છોકરી કરણ ના-સી બાગલાણમાં ગયો હતો ત્યાં તેની સાથે હતી. તે-માંની મોટી કનકદેવી તો ત્યાંજ મરી ગઇ. નાની છો-કરી દેવળદેવીને તેની માએ તેડાવી પણ કરણે મોકલી નહિ. માટે કમળાદેવીના કહેવાથી આ અલ્લાઉદીન ખુ-નીએ ત્યાં લસ્કર મોકલી **દેવળદેવીને** પોતાની પાસે તેડાવી પોતાના કુંવર **ખિજરખાં** વેરે પરણાવી. મુસ-લમાનોને એ કુંવરી નહિ આપવા કરણઘેલો ઘણું લડયો, પણ તેમાં તે બિચારાનું કાંઇ નહિ વળ્યાથી તે એકલ-વાયો થઇ અંતે અપુત્ર મરણ પામ્યો સન ૧૩૦૪.

સાર—વાઘેલાવંશમાં વીરધવળ તથા વિશળદેવ રાજાઓ સારા થઇ ગયા છે. તેમણે પરાક્રમથી રાજ્ય વધારી દેશની વ્યવસ્થા સારી રાખી હતી. પણ તે પ-છીના રાજાઓએ ચાવડા તથા સોલંકીવંશના પરાક્રમી રાજાઓએ જેટલું મેળવી આબાદ કર્યું હતું તેટલુંજ માત્ર જો સાચવ્યું હોત, તો વાઘેલાવંશના રાજાઓ ઘ-ણાં વરસ સુધી ગૂજરાતના મહારાજાધિરાજની પદવી ભોગવી શકત, પણ આ વંશનો છેલ્લો રાજા કરણ અ-ન્યાયે વર્ત્યાથી તથા આસપાસના રાજાઓથી ચેતી ન ચાલ્યાથી તેના કુળની લાજ લુટાઇ, તે બહુ બુરી હા-લતે મરણ પામ્યો અને તેની પડતીની સાથે ગૂજરાતનું બળવાન્ રજપુત રાજ્ય પણ પરધર્મી અને પરદેશી મુ-સલમાનને હાથ ગયુંજ.

વિશળદેવ.	૧૨૪૪ થી ૧૨૬૨	૧૮ વરસ.
અરજુનદેવ.	૧૨૬૨ થી ૧૨૭૫	૧૩ વરસ.
સારંગદેવ.	૧૨૭૫ થી ૧૨૭૯	૪ વરસ.
કરણઘેલો.	૧૨૭૯ થી ૧૩૦૪	૨૫ વરસ.

ગુજરાતના સ્વતંત્ર પાદશાહ.

મહંમદશાહ ૧ લો.	૧૪૦૩ થી ૧૪૦૭	૪ વરસ.
મુજફ્ફરશાહ ૧ લો.	૧૪૦૭ થી ૧૪૧૧	૪ ,,
અહંમદશાહ ૧ લો.	૧૪૧૧ થી ૧૪૪૧	૩૦ ,,
મહંમદશાહ ૨ જો.	૧૪૪૧ થી ૧૪૫૧	૧૦ ,,
કુતુબશાહ.	૧૪૫૧ થી ૧૪૫૯	૮ ,,
દાઉદશાહ.	૧૪૫૯ થી ૧૪૫૯	થોડા દહાડા.
મહંમદશાહ બેગડો.	૧૪૫૯ થી ૧૫૧૩	૫૪ વરસ.
મુજફ્ફરશાહ ૨ જો.	૧૫૧૩ થી ૧૫૨૬	૧૩ વરસ.
શિકંદરશાહ.	૧૫૨૬ થી ૧૫૨૬	થોડા દહાડા.
મહંમદશાહ ૪ થો.	૧૫૨૬ થી ૧૫૨૬	,,
બહાદુરશાહ.	૧૫૨૬ થી ૧૫૩૬	૧૦ વરસ.
મહંમદશાહ ૫ મો.	૧૫૩૬ થી ૧૫૫૪	૧૮ ,,
અહંમદશાહ ૨ જો.	૧૫૫૪ થી ૧૫૬૧	૭ ,,
મુજફ્ફરશાહ ૩ જો.	૧૫૬૧ થી ૧૫૭૨	૧૧ ,,

ગુજરાતમાં બીજી કોમનાં રાજ્ય.

મુસલમાની રાજ્ય-દિલ્લીના પાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીએ સન ૧૨૯૭માં કરણઘેલાને હરાવ્યાથી ગુજરાતનું રજપુત રાજ્ય જોકે મુસલમાનોના તાબામાં ગયું, તો પણ વાઘેલાવંશનાં કેટલાંક તાબેદાર નાનાં રાજ્ય તો રહ્યાં હતાં. તેણે ગુજરાતમાંથી મુસલમાની રાજ્ય નાબુદ કરવા સારૂ તેના પાદશાહને કાઢી મુકવા બંડ કર્યાં પણ તેમાં તેનું કાંઇ વળ્યું નહિ. મુસલમાન કોમજ રાજ્યાસન પર રહી અને ગુજરાતનું રાજ્ય દિલ્લીની પાદશાહીમાં જોડાઇ ગયું. એ પછી દિલ્લીના પાદશાહો પોતાની વતી ગુજરાતનું રાજ્ય ચલાવવા સારૂ મુસલમાન સૂબાઓને મોકલવા લાગ્યા. આ વખતથી એટલે સન ૧૨૯૭થી તે સન ૧૩૯૬ સુધી ગુજરાતનું રાજ્ય દિલ્લીના પાદશાહોને તાબે

રહ્યું. દિલ્લીના પાદશાહ બીજા મહમદ તઘલખના સમયમા જુફ્ફરખાન નામે સૂબેદાર સન ૧૩૯૧માં ગુજરાતપર ઠર્યો. તે અહીં રહી સ્વતંત્રપણે સત્તા ચલાવવા લાગ્યો. તેણે પોતાના છોકરા તાતારખાનને મહમદશાહ નામ ધારણ કરાવી સન ૧૪૦૩માં ગુજરાતનો પહેલો સ્વતંત્ર પાદશાહ ઠરાવ્યો. પછી સન ૧૪૧૧માં અહમદશાહ પાદશાહ થયો તેણે અસાવળના રાજા આસા ભીલને હરાવી તેમાં પોતાની રાજધાની કરી હતી. પછી એ અહમદશાહે તેને સુધારી વધારી સન ૧૪૧૪માં તેનું નામ અમદાવાદ પાડી તેમાં પોતાની રાજધાની સ્થાપી. વળી તેણે હાથમતીને કિનારે કિલ્લો બાંધી ત્યાં અહમદનગર પણ વસાવ્યું હતું. ત્યાર પછી કુતુબશાહ થયો તેણે અમદાવાદમાં ભદ્રનો કિલ્લો તથા કાંકરીઉ તળાવ બંધાવ્યું હતું. સન ૧૪૫૯માં મહમદશાહ ૩ જો થયો. તે જુનાગઢ તથા પાવાગઢનાં રાજ્ય જીત્યાથી બેગડા પણ કહેવાય છે. એણે મહેમદાવાદ વસાવ્યું હતું. ગુજરાતમાં બધા મળી મુસલમાની રાજ્યના ચૌદ સ્વતંત્ર પાદશાહ થયા. તેમાંના છ પાદશાહ પરાક્રમી અને આઠ નબળા હતા. એમાંથી જેઓ હોશીઆર તથા બહાદુર અને મર્જીાત હતા તેઓ રજપુત વગેરે દેશીઓને બારે વર જુલમથી વટાળતા તથા તેમનાં દેરાં તોડવા લાગ્યા હતા. પ્રજા પાસે વેઠ કામ કરાવતા અને તેને બહુ દુઃખ દેતા હતા. અમદાવાદનો છેલ્લો પાદશાહ મુજફ્ફરશાહ ૩ જો સન ૧૫૬૧માં થયો ને પોતાના લશ્કરી અમલદારોને વશ રાખી શક્યો નહિ, માટે તેઓ માંહોમાંહે લડી નબળા પડ્યા ત્યારે દિલ્લીના પરાક્રમી મુગલ પાદશાહ અકબરે તેમને હરાવી સન ૧૫૭૩માં ગુજરાતનું રાજ્ય જીતી લીધું. મુજફ્ફરશાહને પકડી દિલ્લી લઇ જતાં તે રસ્તામાં આપઘાત કરી મરણ પામ્યો. એ પછી મુગલોની સત્તા ગુજરાતપર બેઠી.

મુગલાઇ રાજ્ય—ગૂજરાતના મુસલમાન સ્વતંત્ર પાદશાહોના હાથમાંથી રાજ્ય સત્તા મુગલવંશના મુસલમાન પાદશાહના સ્વાધીનમાં ગયા પછી લોકો બહુ સુખી થયા. મુગલ પાદશાહોએ રજપૂત રાજારાણા અને ગરાશીઆ-ઓને સમજાવી રાજકાજમાં તેમને તેમના યોગ્ય કામકાજ સોંપ્યાં એટલુંજ નહિ, પણ અકબર સરખા મહાન્ પાદશાહે તો હિંદુ તથા મુસલમાનને સરખા ગણ્યા તેમજ તે બંને કોમપર સરખો પ્રેમભાવ રાખ્યો. એવી સારી રાજનીતિ એની પછી ઔરંગઝેબ સિવાયના સઘળા પાદશાહોએ પણ જારી રાખી હતી. આથી હિંદુ તથા મુસલમાન વચ્ચે મિત્રાચારીની ગાંઠ બંધાઇ હતી. સઘળા સ્નેહી પેરે વર્તતા હતા. અકબરના અમલથી એટલે સન ૧૫૭૩થી ૧૭૫૭ સુધીમાં બાર મુગલ પાદશાહો થયા તેમની વતી પચાસ સુબેદાર ગુજરાતનો કારભાર કરવાસારૂ આવ્યા હતા. એમાંના છેલ્લા જુવાંમર્દખાં બાબીના વંશજો તે આપણા ગુજરાતના જુનાગઢ, રાધનપુર અને વાડાસીનોરના નવાબ સાહેબો છે. એ જુવાંમર્દખાં બાબીને મરેઠા સરદાર દામાજી ગાયકવાડે અને પેશ્વાના ભાઈ રઘુનાથરાવે રાધનપુર વગેરે કેટલોક મૂલક જાગીરમાં આપી તેની પાસેથી રાજ્ય સત્તા લઇ એ મરેઠા ગૂજરાતના ધણી થયા.

મરેઠી રાજ્ય—આ રાજ્યના સ્થાપનાર શિવાજીએ સુરત શહેર પહેલ વહેલું સન ૧૬૬૪માં લૂટયું ત્યારથી મરેઠા ગૂજરાતમાં દાખલ થયા. એ પછી ખંડેરાવ ડાભાડે અને દામાજી ગાયકવાડે ખાનદેશથી આવી ગૂજરાત લૂટવા માંડયું. વળી કંથાજી વગેરે પણ ગૂજરાતમાં આવી તેમજ કરવા લાગ્યા. મુગલ સરદારો મરેઠાને મદદે બોલાવી માંહોમાંહે લડવા લાગ્યા તેથી પરિણામે તે-

મનું રાજ્ય મરેઠાના હાથમાં ગયું. પીલાજી ગાયકવાડને સન ૧૭૩૧ માં ગૂજરાતની સૂબેદારી મળી. તે ચોથ વગેરે ઉઘરાવવાનું કામ કરવા લાગ્યો. પછી જેમ જેમ મરેઠા જોરપર આવ્યા તેમ તેમ મુગલાઇ રાજ્યનો અમલ ઉતરતો થયો. જ્યારે મુગલાઇ રાજ્ય નાશ પામ્યું ત્યારે પીલાજી ગાયકવાડે વડોદરામાં રાજધાની કરી આસપાસનો ઘણોક મૂલક તાબે કરી લીધો. એના પછી એનો છોકરો દામાજી સન ૧૭૩૨માં વડોદરાની ગાદીપર બેઠો. તેણે પરાક્રમથી ગાયકવાડના રાજ્યની સ્થાપના સંપૂર્ણ કરી. એ પછી વડોદરાની ગાદીપર સુમારે સો વરસમાં આઠ રાજાઓ થઇ ગયા. છેલ્લા એટલે હાલના એ રાજ્યના મહારાજા શેનાખાસખેલ સમશેર બહાદુર સયાજીરાવ સન ૧૮૭૫માં ગાદીપર આવ્યા છે. ત્યારથી રાજ્ય વ્યવસ્થા બદલાઇ એ રાજ્યમાં ઘણો સુધારો થવા લાગ્યોછે. આ મહારાજાનો જન્મ સન ૧૮૬૬ની ૧૭મી માર્ચે થયો હતો. એમને હાલ ત્રણ કુંવર અને એક કુંવરી છે. યુવરાજ ફતેહસીંગજીનો જન્મ સન ૧૮૮૩ની ૪થી આગસ્ટે થયો હતો. આ વડોદરાના રાજ્યનો વહિવટ હાલમાં એવી સારી રીતે ચલાવવામાં આવેછે કે પ્રજા જ્યાં ત્યાં સુખી જણાયછે. માજી ગાયકવાડી બદલાયાથી હવે એ રાજ્ય સંબંધી કશી ફરીઆદ સંભળાતી નથી. આ પરથી હાલના મહારાજાએ રાજ્ય વહિવટ સારી રીતે ચલાવવાની પોતાની યોગ્યતા પૂરવાર કરી આપીછે. મહારાજાએ નાની ઉમ્મરમાં જે ઉમદા કેળવણી લીધીછે તેનાં ફળ હાલ ઉગી નીકળ્યાં છે. રાજધર્મ શું છે તે રાજા તરીકેની પોતાની કારકીર્દીની શરૂઆતથીજ તેઓ સમજતા આવ્યા છે. રૈયતના ભલામાંજ પોતાનું શ્રેય છે એ ઉમદા નિયમ પ્રમાણે તેઓ હમેશ વર્તેછે. હાલના મ-

હારાજા પોતાના રાજ્ય વહિવટના દરમીઆન સુધરેલાં ધોરણ દાખલ કરવા બહુ કાળજી રાખે છે એ પ્રશંસનીય છે. નવી રેલવે તથા નવા રસ્તા બંધાવ્યા છે. રૈયતમાં કેળવણીનો પ્રસાર કરવાસારૂ પણ નવી નવી યોજનાઓ ઘડવામાં આવે છે. જે દેશનો રાજા ભણેલો, બુદ્ધિશાળી અને સુવિચારી હોય છે તેની પ્રજા પણ સુખી હોય છે, તેનો પ્રત્યક્ષ પરાવો તે હાલનું ગાયકવાડી મરેઠી રાજ્ય અને તેના રાજા તે મહારાજા સયાજીરાવ છે.

ગુજરાતમાં બીજી કોમનાં રાજ્ય.

વડોદરાના મહારાજા.

અંગરેજી રાજ્ય—મરેઠા રાજા આણંદરાવ ગાયકવાડના વખતમાં તેના પીતરાઈ મલ્હારરાવે કડીમાં બંડ કર્યું હતું. આ વેળા ગાયકવાડ સરકારની હાલત એવી થઇ પડી હતી કે અંગરેજોની મદદ વિના તેનું રાજ્ય ટકવું અશક્ય થઇ પડયું. માટે એ રાજ્યના બચાવ સારૂ એ વખતથી અંગરેજી લસ્કરને વડોદરા કાંપમાં રાખવામાં આવ્યું. ગાયકવાડ અંગરેજ સરકારના તાબેદાર પેરે વર્તી રાજ્ય કરવા લાગ્યા. આથી દેશમાં શાંતિ પથરાઈ લોકો નિરાંતે કામકાજ કરવા લાગ્યા. વળી અંગરેજે ખંડણી ઉઘરાવી જેની તેને આપવાનું કામ માથે લેવાથી દેશની ખરાબી થતી અટકી. સન ૧૮૧૮માં અંગરેજે પેશ્વા સરકારનું રાજ્ય જીતી લીધું ત્યારથી ગુજરાતની તેના ભાગની ખંડણી પણ અંગરેજ સરકારને મળી છે. બ્રિટિશ રાજ્યની છત્ર છાયા નીચેનાં હાલનાં મરેઠા, રજપૂત, મુસલમાની અને કોળી રાજ્ય સંપસંપીને પોતાનો કાર્યભાર સલાહ શાંતિથી નિર્ભય રીતે ચલાવે છે. આ દેશી રાજ્યોમાં ગુજરાતમાં મુખ્ય મરેઠી રાજ્ય ગાયકવાડ સરકારનું છે. એ હાલ હિંદુસ્તાનના ગવર્નરજન-

રલની સત્તા નીચે છે. રજપૂતરાજ્યમાં મુખ્ય ઈડર, ભાવનગર, નવાનગર, ધ્રાંગધ્રા, મોરબી, રાજપીંપળા, પાલીતાણા, ગોંડળ, પોરબંદર, લુણાવાડા ને ધરમપુરનાં રાજ્ય છે. એ સઘળાં મુંબાઈ ઇલાકાના ગવર્નર સાહેબની સત્તા નીચે છે. મુસલમાની રાજ્યમાં મુખ્ય જુનાગઢ, ખંભાત, પાલણપુર, રાધણપુર ને વાડાસીનોરનાં છે. એ પણ મુંબાઈના ગવર્નર સાહેબની સત્તા નીચેજ છે. ગુજરાત પ્રાંતનાં એ સઘળાં રાજ્ય અંગરેજ સરકારનાં આશ્રયથી હાલમાં સારી સ્થિતિમાં છે. બંડખોર, ધાડપાડુ, લટારા, ચોર અને ભયત્રાસનો ભય હાલમાં ટળ્યાથી જેમ એ પ્રત્યેક રાજ્યમાં સઘળે શાંતિ છે તેમ લોકો પણ સુખી છે. **યથા રાજા તથા પ્રજા** એટલે રાજા પ્રમાણે પ્રજા વર્તી સુખમાં દિવસ નિર્ગમન કરેછે. એ. આ ચક્રવર્તી અંગરેજ સરકારના કડા પ્રતાપ અને તેના ન્યાયી તથા નીતિમાન રાજ્યનીજ બલિહારીછે.

વડોદરાના મહારાજા.

પીલાજી.	૧૭૩૧ થી ૧૭૩૨	૧ વરસ.
દામાજી.	૧૭૩૨ થી ૧૭૬૯	૩૭ વરસ.
ફતેસિંહ.	૧૭૬૯ થી ૧૭૮૪	૧૫ વરસ.
માનાજી.	૧૭૮૪ થી ૧૭૮૯	૫ વરસ.
ગોવિંદરાવ.	૧૭૮૯ થી ૧૮૦૦	૧૧ વરસ.
આણંદરાવ.	૧૮૦૦ થી ૧૮૧૯	૧૯ વરસ.
સયાજી બીજો.	૧૮૧૯ થી ૧૮૪૭	૨૮ વરસ.
ગણપતરાવ.	૧૮૪૭ થી ૧૮૫૬	૯ વરસ.
ખંડેરાવ.	૧૮૫૬ થી ૧૮૭૧	૧૫ વરસ.
મલ્હારરાવ.	૧૮૭૧ થી ૧૮૭૫	૪ વરસ.
સયાજી ત્રીજો.	૧૮૭૫ થી હાલ રાજ્યગાદીપર છે.	

ગૂજરાતમાં થયલી જાણવા લાયક
સાલવાર લડાઇઓ.

૬૯૬—ભુવડે જયશિખરીને હરાવી માર્યો.
૯૪૨—મૂળરાજે તેલંગણના સરદાર બાર્પને માર્યો.
૯૪૪—મૂળરાજે સોરઠના ગ્રહરિપુને હરાવ્યો.
૧૦૨૪—સુલતાન મહમદે ભીમબાણાવળીને હરાવ્યો.
૧૦૨૬—અજમેરના વિશળદેવે ભીમબાણાવળીને હરાવ્યો.
૧૧૧૨—સિદ્ધરાજે માળવાના યશોવર્માને કેદ કર્યો.
૧૧૨૫-સિદ્ધરાજે સોરઠના રાખેંગારને માર્યો.
૧૧૪૪—કુમારપાળે નાગોરના આન્ન રાજાનો પરાજય કર્યો.
૧૧૭૦—કુમારપાળના સરદાર આમ્રભટે મલ્લીકાર્જુનને માર્યો
૧૧૭૮—ભોળા ભીમદેવે શાહબુદીનને હરાવ્યો.
૧૧૯૨—ભોળા ભીમદેવે સોમેશ્વરને માર્યો.
૧૧૯૩—પૃથુરાજે ભોળા ભીમદેવને હરાવ્યો.
૧૧૯૪—કુતબુદીને ભોળા ભીમદેવને હરાવ્યો.
૧૨૨૪—વાઘેલા વિશળદેવે ત્રિભૂવનપાળને હરાવ્યો.
૧૨૯૭—અલ્લાઉદ્દીને કરણઘેલાને હરાવ્યો.

મહાસુખપુસ્તકમાળા.

સરકારે મંજૂર કરેલાં પુસ્તકો.

સુંદરીગુણમંદિર.

ચોથી આવૃત્તિ. કીમત ૧૦ આના. ટપાલ ૧ આનો.

ઘરસંસાર અને નીતિની કેળવણી માટેના આ ઉત્તમ પુસ્તકની હજારો નકલ ખપી જવાથી તેની ચોથીઆવૃત્તિથઇએજ તેના ઉપયોગીપણામાટે ઉત્તમ સરટિફિકેટ છે.

મહાસુખબોધમાળા.

વ્યવહાર નીતિના ૩૬ નિબંધ, કીમત ૬ આના. બાળ, યુવાન ને વૃદ્ધ સઘળાંએ સદ્બોધ લેવા લાયક છે. નિબંધ લખતાં શીખવવાને તે સારામાં સારો શિક્ષક છે.

સિવાય શાળોપયોગી પુસ્તકો.

ભૂગોળ વિદ્યા (એશિયાખંડનું વર્ણન) છઠ્ઠી આવૃત્તિ	૦-૩-૦
પૃથ્વીનું વર્ણન. (ત્રીજી આવૃત્તિ.)	૦-૨-૦
મુંબઈ ઇલાકાનું વર્ણન. (ત્રીજી આવૃત્તિ.)	૦-૨-૦
હિંદુસ્તાનનું વર્ણન.	૦-૧-૦
મુંબઈની ભૂગોળ. (મુંબઈના વર્ણન સહિત.)	૦-૧-૦
હિંદુસ્તાનનો ઇતિહાસ. (ત્રીજી આવૃત્તિ.)	૦-૬-૦
હિંદુસ્તાનનો ઇતિહાસ. (ભાગ પહેલો)	૦-૩-૦
ગુજરાતનો ઇતિહાસ. (ચોથી આવૃત્તિ.)	૦-૨-૦

રચી છપાવી પ્રસિદ્ધ કર્તા,

મહાસુખરામ હરગોવિંદદાસ દાણી; ભૂલેશ્વર, મુંબઈ.